# Gujarati Poetry

# શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

About Myself
Gujarati Haiku
My Hindi poems
Poetry Glossary
Essay on Poetry
My English Poe..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Muktak..
Gujarati Muktak..
Gujarati Muktak..

મારા પિતાજી——
કાઠિયાવાડી પાઘડી માથે,
દૂધે ધોયેલ ધોતિયા ઉપર,
છપ્પન ઈંચી ડગલો;
ગજવામાં રૂમાલ મૂક્તા;
બે આંગળિયે બે અંગૂઠે,
હળવે હાથે મૂછ મરડતા;
હાટને ગાદીતકિયે બેઠા;
બંધ આંખે આડે પડખે
માળાના મણકા ફેરવતા,
આજ દીઠા મેં મારા પિતા.

વહેલી સવારે લોટે જાતા;
લોટે જઈને પાછા ફરતા,
ઘર આંગણે બેઠા બેઠા
લોટો માંજતા;
કેડિયું પહેરી માંચે બેઠા,
તાંબાકૂંડીમાં પાણી લઈને
લોટે લોટે માથે નાખતા;
'હે પ્રભુ,હે દીનાનાથ'નું
હરપલ નામ સમરતા,
આજ દીઠા મેં મારા પિતા.

મરી ગયાને જોકે આજે
વર્ષો છપ્પન વહી ગયાં છે;
તો પણ જાણે કાળભૂમિના
અવશેષોને નષ્ટ કરીને,
સ્પષ્ટ જીવતા જાણે;
બાળક મુજ પર,
મુજ બાળક પર,
બાળકના બાળક પર,
મરક મરક હસતા હસતા;
આકાશેથી આશિષોની
ઝડી વરસતા;
નિજ સીંચેલી જાડીપાડી
લીલી વાડી જોઈ જોઈને,
સંતોષોના શ્વાસો લેતા;
આંખે હર્ષનાં આંસું ભરતા;
આજ દીઠા મેં મારા પિતા.

---

ભવનો ભારો

---

સવાર અને સાંજ,આ ધરા, સૂરજ ચંદ્ર તમામ;
રાત અને દિવસ સહુ અહીં ફર્યા કરે અવિરામ.
કામ પછી પણ કામ,નહીં પળભરનો ય વિરામ;
અરે પ્રભુ,આ કેવું ચક્કર?ના કોઈ કરે આરામ.

નિજ ધરી પર ફરતો સૂરજ ને ફરતો આ ચાંદો;
ધરતી પણ નિજ ધરી પર બનતો રાત ને દહાડો;
પણ હું ચૂક્યો મુજ બિંદુ,મેં પગ ફેલાવ્યા પહોળા;
મોટાનું ના માની,આ ભવનો મેં જ કર્યો ભવાડો.

આ કથા કંઈ નથી નવી,નિત નવી વ્યથાનો ભારો;
ફરતા રહેશે સૂરજ,ધરતી ને આ મારો જન્મારો;
ચૂક્યો બિંદુ,ચૂક્યો સઘળું,ના આરો,ના ઓવારો;
અવ ના હેતો સજા આવી,બસ શોધ્યા કરું કિનારો.
[જૂન ૨૧,૨૦૦૨]

---

શું કરવું? શું કરવું?

---

થાય તેવું કરવું,
જેવું તેવું કરવું,
કરવું જ કરવું,
એવું ના કરવું.

બરોબર કરવું;
ખરોખર કરવું;
સમજીને કરવું;
પણ જેમતેમ કરવું?
એવું ના કરવું.

ખુલ્લે મન કરવું;
રસ લઈને કરવું;
ડૂબી જઈને કરવું;
પણ જેમતેમ કરવું?
એવું ના કરવું.

---

કૈં નથી

---

કૈં નથી,કૈં નથી;
છતાં બધુંય છે;
દૂર દૂર,
અતિ સમીપ;
છતાંય પ્રાપ્ત ના.
પ્રકાશની બહિર્રેખા,
શૂન્ય શૂન્ય;
અંતર ધન્ય ધન્ય.
શું બધું આ?
કૈં નહી, કૈં નહી.
હું નહી,તું નહી.
શૂન્ય શૂન્ય?
ના ના;
પૂર્ણ પૂર્ણ;
હા, પૂર્ણ પૂર્ણ.

---

સાચો પ્રેમ

---

ના કૈં ખોટો ખેલ કર્યો છે;
ના મનમાં કૈં મેલ ભર્યો છે;
હેમના જેવો સાચે સાચો
મેં તમોને પ્રેમ કર્યો છે.

ભલે અવરની સાથ વિરાજો;
ભલે સિંહાસન અન્ય બિરાજો;
કંચન શિખર માલ મહેલે
જોઈ તમોને અંતર શીતલ;
નથી કૈં જેમ તેમ કર્યો છે;
હેમના જેવો સાચે સાચો
મેં તમોને પ્રેમ કર્યો છે.

મેં પણ ક્યાં ના બીજા સાથે
જીવનનો સથવારો શોધ્યો?
સંગિનિની સાથે સાથે
જીવનને સધિયારો અર્પ્યો?
સંગિનિની દેહલતામાં તારો
પડછાયો ભરપૂર ભર્યો છે;
હેમના જેવો સાચે સાચો
મેં તમોને પ્રેમ કર્યો છે.

તમે રહી પડ્યા
હેમખેમ તમારા ઘરમાં;
અમે પણ રહી પડ્યા
તેમ અમારા ઘરમાં;

કેવો જીવનનો ફેરો ફર્યો છે?
હેમના જેવો સાચે સાચો
મેં તમોને પ્રેમ કર્યો છે.

---

**If you have any comments or observations on the above writin heartily welcome you to address me at the following email id:**

**pravinkshah@indiatimes.com**

**Shah Pravinchandra Kasturchand**